NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રીની શાખા

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**સમય મર્યાદા/ખાસ અગત્યનું**

## પરિપત્ર

**તિજોરી શાખા ચાલુ રાખવા તેમજ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના નાણાંકીય વ્યવહારો અને હિસાબો સરભર કરવા માટેનું સમયપત્રક બાબત.**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ચાલુ નાણાંકીય **વર્ષ ૨૦૨૫-૨૬** પૂર્ણ થવાની તૈયારીમાં છે, ત્યારે આ છેલ્લા માર્ચ માસમાં નાણાંકીય વ્યવહારો/ કામગીરી સરળ રીતે ચાલી શકે તેમજ આ માસમાં આવતી જાહેર રજાઓને ધ્યાને રાખી છેલ્લા સમયે તકલીફો ઉપસ્થિત ન થાય તે હેતુસર **તારીખ ૨૮ અને ૨૯/03/૨૦૨૬ ની જાહેર રજાઓ દરમ્યાન** અત્રેની કચેરીની તિજોરી શાખા ચાલુ રહેશે તેમજ વિવિધ બીલો રજુ કરવા અંગે નીચે મુજબનું સમયપત્રક તથા સૂચનો બહાર પાડવામાં આવે છે.

વધુમાં, નીચે જણાવેલ સમય મર્યાદા બાદ કોઈપણ પ્રકારના બીલો સ્વીકારવામાં આવશે નહીં, જેની સર્વે ખાસ નોંધ લેવું. સમયસર બીલો/ હિસાબો રજુ નહીં થવાના કારણે ભવિષ્યમાં કોઈપણ પ્રકારના નાણાંકીય અવ્યવસ્થાના કે ઓડીટના પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે બાબતે સંપૂર્ણ જવાબદારી જે તે કચેરીના વડાશ્રીની તેમજ નાણા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની રહેશે.

| ક્રમ | બીલોની વિગત | બીલ રજુ કરવાની અંતિમ તારીખ |
|---|---|---|
| ૧. | મેડીકલ બીલો, એલ.ટી.સી., મુસાફરી ભથ્થાના બીલો, પુરવણી પગારબીલો | ૧૮/03/૨૦૨૬ |
| ૨. | માહે માર્ચ-૨૦૨૬ ના રેગ્યુલર પગારબીલો | ૨૦/03/૨૦૨૬ |
| ૩. | બાંધકામ સંલગ્ન તમામ બીલો | ૧૮/03/૨૦૨૬ |
| ૪. | કાયમી પેશગી સરભર | ૨૦/03/૨૦૨૬ |
| ૫. | પેએબલ ડીસી બીલો/ તમામ પાર્ટી બીલો/ડિપોઝીટ સદર અને પ્રિ-ઓડીટ કરવાના થતા કન્ટીજન્સી બીલો | ૨૦/03/૨૦૨૬ |
| ૬. | તમામ પ્રકારના એડવાન્સો સરભર કરવા તથા એબસ્ટ્રેક્ટ બીલથી ઉપાડેલ નાણાનું એન.પી.ડી.સી. બીલ | ૨૭/03/૨૦૨૬ |
| ૭. | તમામ પ્રકારના મજુર મસ્ટર બીલો/ રોજમદાર અને કરાર આધારિત કર્મચારીઓના બીલો **(તા. ૦૧.03.૨૦૨૬ થી તા.૨૫.03.૨૦૨૬ સુધીની હાજરી ગણતરીમાં લઈ માર્ચ માસ દરમ્યાન એકજ બીલ રજુ કરવું.)** | ૨૫/03/૨૦૨૬ |
| ૮. | ક્રેડિટ લિમીટ તેમજ અન્ય તમામ સેપરેટ બેંક ખાતાના તમામ પ્રકારના બીલો | ૨૦/03/૨૦૨૬ |

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

**સુચના:**

૧. એબસ્ટ્રેક્ટ બીલોથી ઉપાડેલ નાણામાંથી તા.30/03/૨૦૨૬ પછીના દિવસોમાં કોઈપણ સંજોગોમાં ખર્ચ કરવો નહીં, જો નાણા વધે તો તા. 30/03/૨૦૨૬ સમય બોપોરે ૧૨:00 કલાક સુધીમાં જે તે બજેટ હેડે રીફંડ તરીકે યુનિવર્સિટી ફંડમાં પરત જમા કરાવી દેવાના રહેશે.

૨. **માહે માર્ચ–૨૦૨૬ માસના મજૂર મસ્ટરના બીલો તથા કરાર આધારિત કર્મચારીઓના ફીક્સ પગારબીલ ના ચુકવણા ચાલુ માસમાં કરવાના થતા હોય તો તા. ૨૫/03/૨૦૨૬ બપોરના ૧૨:00 વાગ્યા સુધીમાં તૈયાર કરી બીલો મોકલી આપવાના રહેશે.**

૩. તમામ પ્રકારના બીલો રજુ કરતી વખતે મંજુર થયેલ ગ્રાન્ટ કરતા વધારે ખર્ચ ન થાય તેની પુરતી તકેદારી રાખવી તેમજ ગ્રાન્ટ મેળવી લેવાની શરતે માયનસ ગ્રાન્ટમાં જે બીલો અગાઉ રજુ કરવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં જરૂરી ગ્રાન્ટ તાત્કાલિક મેળવી લેવાની રહેશે. હવે પછી સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી સિવાય માઈનસ ગ્રન્ટમાં બીલો રજુ કરવા નહીં.

૪. પ્લાન/નોનપ્લાન/આઈસીએઆર/અધર એજન્સી યોજનામાં ખર્ચ કરવા માટે અત્રેની કચેરી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી વખતો વખતની સૂચનાઓ તેમજ અત્રેની કચેરીના **તા.૧૩/૦૫/૨૦૨૨ જા.નં. ૩૭૬૪** "ગ્રાન્ટ/ફંડની માંગણી અને વપરાશ માટે ધ્યાને રાખવાના મુદ્દાઓ" અંગેના પરિપત્રને ધ્યાને રાખી ખર્ચ કરવાનો રહેશે.

૫. ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કચેરીની **કોઈપણ પ્રકારની આવક તા. 30/03/૨૦૨૬ બપોરના ૧૨:00 વાગ્યા સુધીમાં** એન.એ.યુ.ફંડ/એન.એ.યુ. રીવોલ્વીંગ ફંડ/કે.વી.કે. રીવોલ્વીંગ ફંડ ખાતે જમા કરાવી તેના ચલણો તે જ દિવસે અત્રેની કચેરીમાં રજૂ કરવાના રહેશે. જેથી ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન આવક જે તે સદરે જમા લઈ શકાય.

૬. પ્રિ.ઓડિટનાં **રૂ.૧.૦૦** લાખથી ઉપરના બીલો **તા. ૨૦/03/૨૦૨૬** સુધીમાં રજુ કરવા.

૭. **કાયમી પેશગીની રકમ "NAU Fund A/c." માં જમા કરવાની છેલ્લી તા.૨૫/03/૨૦૨૬ રહેશે.**

**સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી પ્રસિદ્ધ કરવામાં આવે છે.**

**જા.નં. નકૃયુ/હિનિ/વવહિઅધિ/બી.પ/૬૨૮/૨૦૨૬**
**નવસારી, તા. ૦૨/03/૨૦૨૬**

**વહીવટી વ હિસાબી અધિકારી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):–**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી અને યોજનાઓના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૪)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૫)** અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):–**

અત્રેની કચેરીના તમામ ટેબલો તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.